માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ **જાહેર માહિતી અધિકારી** તથા **અપીલ અધિકારી**ની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ
ઠરાવ ક્રમાંક: આરટીઆઈ/૧૦૨૦૦૫/૧૩૯૧/મહેકમ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૯/૦૬/૨૦૨૧ .

**વંચાણે લીધો:** સા.વ.વિનો તા ૧૦/૦૩/૨૦૨૧ નો પરિપત્ર ક્ર:પરચ/૧૦૨૦૧૩/૪૪/આર.ટી.આઈ.સેલ.

**ઠરાવ:**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૫(૧) ની જોગવાઈ તેમજ કલમ ૧૯ (૧) હેઠળની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીની નિમણૂંકના હુકમો વખતો-વખત વિવિધ ઠરાવોથી કરવામાં આવેલ હતા. વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૩/૨૦૨૧ના પરિપત્રથી જાહેર માહિતી અધિકારી તરીકે સેકશન અધિકારીની નિમણૂંક કરવા અને અપીલ અધિકારી તરીકે ઉપસચિવની નિમણૂંક કરવા સૂચના આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ફાળવેલ વિષયો સંબંધિત આપવામાં આવતી માહિતી માટે જાહેર માહિતી અધિકારી તથા અપીલ અધિકારીની નિમણૂંકના હુકમો નીચે મુજબની વિગતે કરવામાં આવે છે.

| ક્રમ | જાહેર માહિતી અધિકારી, ફોન નંબર | અપીલ અધિકારી, ફોન નંબર | કચેરીનું સરનામું |
|---|---|---|---|
| ૧ | **સેકશન અધિકારી(મહેકમ)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૦૪૬૨ | **ઉપ સચિવ (બીટી)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૦૪૬૪ | બ્લોક નં.૭, પાંચમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. |
| ૨ | **સેકશન અધિકારી(સંકલન)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૮૩૧૦ | | |
| ૩ | **સેકશન અધિકારી(બીટી)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૦૪૭૩ | | |
| ૪ | **સેકશન અધિકારી(આઈટી)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૦૪૬૫ | **ઉપ સચિવ(આઈટી)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૦૪૯૫ | |
| ૫ | **સેકશન અધિકારી(આઈટી કેડર)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૮૧૫૮ | | |
| ૬ | **સેકશન અધિકારી(એડ્જ્યુડીકેટીંગ/બજેટ)** ફો.નં-૦૭૯-૨૩૨-૫૭૪૦૩ | | |

**૩.** જે શાખાના સેકશન અધિકારીને ઉપસચિવની જગ્યાનો ચાર્જ સોંપવામાં આવેલ હોય ત્યારે સંબંધિત નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવએ અપીલ અધિકારી તરીકેની કામગીરી બજાવવાની રહેશે. તેમજ ઉપસચિવશ્રીની ખાલી જગ્યાઓ ભરાય ત્યારે સંબંધિત શાખાના ઉપસચિશ્રીની અપીલ અધિકારી તરીકેની નિમણૂંક આપોઆપ ગણી લેવાની રહેશે.

**૪.** સંબંધિત જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારીશ્રીઓ રજા ઉપર હોય અથવા જગ્યા ખાલી હોય કે અન્ય કારણોસર ગેરહાજર હોય તો તે જગ્યાનો ચાર્જ જે અધિકારી પાસે હોય તેઓએ સંબંધિત કામગીરી બજાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર એચ ભાભોર)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ

પાછળ..

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, બ્લોક નં-૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, વિજ્ઞાન પ્રોદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, વિજ્ઞાન પ્રોદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, વિજ્ઞાન પ્રોદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેલેક્ટ ફાઇલ-૨૦૨૧